Published Date:	3 Aug 2026	Publication:	Prabhat (Gujarati) [Ahmedabad]
Journalist:	Bureau	Page No:	2
Circulation:	25,000		

એસઆઈએફ કેટેગરી કેવી રીતે રોકાણમાં વધુ સુગમતા લાવી રહી છે

આજના સમયમાં બજારમાં વધઘટ સામાન્ય બાબત બની ગઈ છે, જેના કારણે પરંપરાગત "ખરીદો અને લાંબા સમય સુધી રોકાણ જાળવી રાખો" જેવી રોકાણ વ્યૂહરચનાઓની અસરકારકતાની સતત કસોટી થઈ રહી છે. આવી સ્થિતિમાં ઘણા રોકાણકારોના મનમાં એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે શું બદલાતી બજારની પરિસ્થિતિને અનુરૂપ રોકાણ કરવાની રીતોમાં પણ ફેરફાર થવો જોઈએ?

સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઈએફ) શ્રેણી એવો જ એક નવો વિકલ્પ છે, જે હવે ધીમે-ધીમે રોકાણકારોનું ધ્યાન ખેંચી રહ્યો છે. જોકે આ શ્રેણી હજુ વિકાસના તબક્કામાં છે અને સામાન્ય રિટેલ રોકાણકારોમાં તેનો વ્યાપક સ્વીકાર થયો નથી, તેમ છતાં તે રોકાણનું સંચાલન કરવાની એક અલગ રીત રજૂ કરે છે. તેમાં નિશ્ચિત એસેટ ફાળવણી કરતાં વધુ સુગમતા પર ભાર મૂકવામાં આવે છે.

મોટાભાગના પરંપરાગત ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં પોર્ટફોલિયો બજારના સ્તર કે સ્થિતિ ગમે તેવી હોય, તેમ છતાં મોટાભાગે શેરોમાં જ રોકાયેલો રહે છે. પરિણામે, બજારમાં તેજી આવે ત્યારે રોકાણકારોને તેનો સંપૂર્ણ લાભ મળે છે, પરંતુ મંદી આવે ત્યારે પણ તેઓ સંપૂર્ણપણે તેની અસર હેઠળ રહે છે અને જોખમ ઘટાડવાની સક્રિય તક મર્યાદિત રહે છે.

તેની સામે, એસઆઈએફ વધુ ગતિશીલ અભિગમ સાથે તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં ફંડ મેનેજરોને બજારનું મૂલ્યાંકન અને પરિસ્થિતિને આધારે કુલ બજારમાં રોકાણનું પ્રમાણ બદલવાની છૂટ હોય છે. એટલે કે, જ્યારે બજારનું



સૂરજ નંદા
ફંડ મેનેજર - એસઆઈએફ, ટાટા એસેટ મેનેજમેન્ટ

મૂલ્યાંકન આકર્ષક જણાય ત્યારે ઈક્વિટીમાં રોકાણ વધારી શકાય છે અને જ્યારે બજાર વધુ ઊંચા મૂલ્યાંકન પર પહોંચ્યું હોવાનું લાગે ત્યારે ઈક્વિટીનું પ્રમાણ ઘટાડવામાં આવી શકે છે.

એસઆઈએફનો બીજો મહત્વનો તફાવત એ છે કે તેમાં લોંગ અને શોર્ટ એમ બંને પ્રકારની રોકાણ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરી શકાય છે. પરંપરાગત ફંડ સામાન્ય રીતે બજારમાં તેજી આવે ત્યારે જ વધુ લાભ મેળવી શકે છે, જ્યારે એસઆઈએફમાં એવી પોઝિશન પણ લઈ શકાય છે જે બજારમાં ઘટાડો થાય ત્યારે પણ લાભ મેળવવામાં મદદરૂપ બની શકે. આ સુગમતા ડેરિવેટિવ્ઝના વધુ વ્યાપક ઉપયોગ અને વ્યૂહરચના આધારિત રોકાણના કારણે શક્ય બને છે. વ્યવહારિક રીતે જોવામાં આવે તો તેનો અર્થ એ થાય છે કે એસઆઈએફ બજારના અલગ-અલગ તબક્કા પ્રમાણે પોતાને અનુકૂળ બનાવી શકે છે. બજારમાં ભારે વધઘટ અથવા ઘટાડો હોય ત્યારે તે બજારની સીધી અસર ઘરાવતું રોકાણ ઘટાડી શકે છે અથવા જોખમ સામે હેજિંગ કરી શકે છે. જ્યારે બજાર લાંબા સમય સુધી એક જ મર્યાદામાં રહે ત્યારે આર્બિટ્રેજ વ્યૂહરચના અપનાવી શકે છે અને જ્યારે બજારની દિશા સ્પષ્ટ હોય ત્યારે ઉપલબ્ધ તકોનો લાભ લેવા માટે બજારમાં ભાગીદારી વધારી શકે છે.

જોકે, આ શ્રેણીને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવી પણ એટલી જ જરૂરી છે. એસઆઈએફમાં સામાન્ય રીતે ઓછામાં ઓછું રૂ. ૧૦ લાખનું રોકાણ જરૂરી હોય છે અને તેમાં અપનાવવામાં આવતી વ્યૂહરચનાઓ પ્રમાણમાં વધુ જટિલ હોય છે. તેથી આ પ્રકારનું રોકાણ દરેક રોકાણકાર માટે યોગ્ય ન હોઈ શકે, ખાસ કરીને એવા લોકો માટે જે બજાર સાથે જોડાયેલા રોકાણના સાધનોમાં નવા હોય અથવા સરળ રોકાણ વિકલ્પોને વધુ પસંદ કરતા હોય.

સામાન્ય રોકાણકાર માટે એસઆઈએફ એ રોકાણની દુનિયામાં થઈ રહેલું એક મોટું પરિવર્તન દર્શાવે છે, જેમાં સ્થિર એસેટ ફાળવણીના બદલે વધુ અનુકૂલનક્ષમ વ્યૂહરચનાઓને મહત્વ આપવામાં આવી રહ્યું છે. બજારના વિવિધ ચક્રો દરમિયાન વધુ સુગમતા પ્રદાન કરવાની તેની ક્ષમતા હોવા છતાં, તેમાં રોકાણ કરતા પહેલાં તેની રચના, તેમાં રહેલા જોખમો અને તે પોતાની જરૂરિયાતને અનુરૂપ છે કે નહીં તેની સારી સમજ હોવી અત્યંત જરૂરી છે.

બજારો જેમ જેમ બદલાતા જશે, તેમ તેમ રોકાણ કરવાની પદ્ધતિઓમાં પણ પરિવર્તન આવશે. એસઆઈએફનું આગમન એ દર્શાવે છે કે રોકાણમાં સુગમતા હવે વધુ મહત્વનું સ્થાન મેળવી રહી છે, જોકે તે દરેક પ્રકારના રોકાણકાર માટે એકસરખો અને સર્વોચ્ચ ઉકેલ બની શકે એવું જરૂરી નથી.